# વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આપવામાં આવેલ 'રાઈ'ની નવી જાત 'જી. એમ. ૮' ના પ્રથમ હરોળના નિદર્શન સ્થળે ક્ષેત્રીય દિવસ

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "એ. આઇ. સી. આર. પી. ઓન સીડ (ક્રોપ્સ)" અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા 'રાઈ' પકવતા પ્રગતિશીલ ખેડૂતોને 'રાઈ'ની નવી જાત 'જી. એમ. ૮ (આણંદ હેમા)' ના પ્રથમ હરોળના નિદર્શન આપવામાં આવેલ. જે પૈકી, ખંભાત તાલુકાના **નગરા, કલમસર અને હીરાપુરા ગામના ખેડૂતોના ખેતરોની મુલાકાત અને નગરા તેમજ કલમસરમાં નિદર્શન સ્થળે** ક્ષેત્રીય દિવસનું **આયોજન, નોડલ અધિકારીશ્રી (સીડ), ડો. એ. એસ. ભાણવડીયાના માર્ગદર્શન મુજબ**, આણંદ કૃષિ યુનિવર્સિટીના રાઈ પાકના વૈજ્ઞાનિકશ્રી ડો. હિતિક્ષાબેન પરમાર તેમજ વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ફાર્મ મેનેજરશ્રી પ્રો. વિજયભાઈ પટેલ દ્વારા **તા. ૧૧, ફેબ્રુઆરી ૨૦૨૫** ના રોજ કરવામાં આવેલ.

૧. દેસાઈ હિતેન્દ્રભાઈ, નગરા, **તા. ખંભાત, જી. આણંદના** ખેતર પર '30' પ્રગતિશીલ ખેડૂતોએ આ **ક્ષેત્રીય દિવસનો** લાભ લીધેલ.

૨. **દિવાન અનવરશા, કલમસર, તા. ખંભાત, જી. આણંદના** ખેતર પર '૨૦' પ્રગતિશીલ ખેડૂતોએ આ **ક્ષેત્રીય દિવસનો** લાભ લીધેલ.

ખેડૂતોને રાઈની આ નવી જાત જી. એમ. ૮ (આણંદ હેમા), વહેલી પાકતી હોવાથી, પિયતની ઓછી જરૂરિયાતવાળી અને મોલોમશી તથા ભુકીછારાના રોગનો ઓછો ઉપદ્રવ ધરાવતી જણાયેલ છે. ખેડૂતોએ જાત વિષે સંતોષ વ્યક્ત કરી, હવે પછીની કાપણી, સુકવણી તેમજ સંગ્રહ અંગે જરૂરી માર્ગદર્શન મેળવેલ હતું.

**આ ઉપરાંત હીરાપુરા, તા. ખંભાત, જી. આણંદ ખાતે શ્રીમતિ ભાનુબેન જસવંતસિંહ પરમાર દ્વારા લેવામાં આવેલ** જી. એમ. ૮ (આણંદ હેમા) **ના પ્રથમ હરોળના નિદર્શનની મુલાકાત લઇ, તેઓના પ્રતિભાવો મેળવી, જરૂરી માર્ગદર્શન આપેલ હતું, જેમાં આસપાસના** '૧૦' પ્રગતિશીલ ખેડૂતોએ આ જાતની માહિતીનો લાભ લીધેલ.

દેસાઈ હિતેન્દ્રભાઈ, નગરા, તા. ખંભાત, જી. આણંદ, તા. ૧૧, ફેબ્રુઆરી ૨૦૨૫




દિવાન અનવરશા, કલમસર, તા. ખંભાત, જી. આણંદ, તા. ૧૧, ફેબ્રુઆરી ૨૦૨૫



# શ્રીમતિ ભાનુબેન જે. પરમાર, હીરાપુરા, તા. ખંભાત, જી. આણંદ,  તા. ૧૧, ફેબ્રુઆરી  ૨૦૨૫




*********